Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

૧૦ ઓક્ટોબર, ૨૦૨૦/16333

**શ્રી એસ. બી. વસાવા**
સેક્રેટરીશ્રી
માર્ગ અને મકાન વિભાગ
ગુજરાત રાજ્ય, સચિવાલય
ગાંધીનગર

**માનનીયશ્રી,**

**વિષયઃ નેશનલ હાઈ-વે નં.૮ ઉપર ગુજરાતની દક્ષિણ તરફ જતાં રોડ ટ્રાફીકની અગવડતા અંગે.**

આપની કુશળતા ઈચ્છીએ છીએ.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્ય અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીયેશન દ્વારા નેશનલ હાઈ-વે નં.૮ ઉપર ગુજરાતની દક્ષિણ તરફ જતાં રોડ અને ટ્રાફીકની અગવડતા અંગે રજૂઆત મળેલ છે.

આ સંદર્ભે ખાસ જણાવવાનું કે વડોદરાથી વાપી સુધીના હાઈ-વે ઉપર ભારે વરસાદને કારણે ઘણાં મોટા પ્રમાણમાં રસ્તાનું ધોવણ થયું છે. આ કારણોસર સૂરતની આસપાસ ટ્રાફીક જામની પણ સમસ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. આ બધાં પ્રશ્નોને કારણે લગભગ બમણો સમય રસ્તો પાસ કરવામાં થઈ જાય છે. આમ સમય અને બળતણનો વ્યય થાય છે.

ગુજરાત રાજ્યના વેપાર-ઉદ્યોગ અને ઈન્ડસ્ટ્રીને કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં તેમજ આગામી સમયમાં આવતા તહેવારોમાં વેગ આપવા માટે આનું સત્વરે નિરાકરણ આવે તે માટે યોગ્ય કરવા આપને નમ્ર વિનંતી છે.

આ સાથે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીયેશનની રજૂઆત બિડાણ કરેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
**પ્રમુખ**

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના : ૧. પ્રોજેક્ટ ડાયરેક્ટર-નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર.**
**૨. ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ રોડ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી., ગાંધીનગર.**

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
# Akhil Gujarat Truck Transport Association


૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801


રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૦૨૧/૨૧

તા.૦૪-૦૯-૨૦૨૦

પ્રતિશ્રી,
**માન.શ્રી નીતિનભાઈ પટેલ**
માન.નાયબ મુખ્યમંત્રીશ્રી
નાણા, માર્ગ-મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ,
તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, કેપિટલ પ્રોજેક્ટ
સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષય : નેશનલ હાઈવે નં ૮ ઉપર ગુજરાતથી દક્ષિણ તરફ જતાં રોડ ટ્રાફિકની અગવડતા અંગે**

માનનીયશ્રી,

જયભારત સાથ જણાવવાનું કે આપણાં રાજયથી દક્ષિણ તરફ જતાં અને ખાસ કરીને મુંબઈ - મહારાષ્ટ્ર જતાં વ્યાપારીક વાહનો નેશનલ હાઈવે નં ૮નો ઉપયોગ કરે છે. સાથે સાથે નોર્થ-સાઉથ કોરીડોરના ટ્રાફિક માટે પણ આપણાં રાજયમાં આવતાં એનએચ-૮નો ખેડાથી વાપી સુધીના ભાગનું ઘણું મહત્વ છે.

અમને આપણાં રાજયના ટ્રાન્સપોર્ટરો તેમજ એસોસીએશનો અને આપણાં પડોશી રાજયના એસોસીએશનો દ્વારા ઘણી બધી ફરીયાદ અને રજુઆતો મળેલ છે કે ખાસ કરીને વડોદરાથી માંડી વાપી સુધીના હાઈવે ઉપર વર્તમાનમાં પડેલ વરસાદને કારણે ઘણી બધી જગ્યાએ રસ્તાનું ધોવાણ થયું છે તેમજ ભરૂચ નર્મદા બ્રીજ ઉપર, સુરત નજીક કીમ-કામરેજ પાસે તેમજ વલસાડ-ઉદવાડાની વચ્ચે ટ્રાફિક જામની ખુબ જ સમસ્યા છે અને ઘણી વખત ૫ થી ૬ કલાક સુધી ટ્રાફિકનું મુવમેન્ટ અટકી જાય છે તેમજ બરોડાથી વાપી સુધીનો જે રસ્તો ૪-૫ કલાકમાં કપાય તે સર કરતા ૧૦ થી ૧૫ કલાક લાગે છે. આ બાબતે ઘણા બધા વર્તમાનપત્રોમાં આ પરિસ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, પણ હજુ સુધી નેશનલ હાઈવે ઓથોરીટી કે પોલીસતંત્ર દ્વારા ટ્રાફિક સંચાલન અંગે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ નથી.

આ સાથે આપને અમારી નમ્ર વિનંતી કે આ અર્થે યોગ્ય કરી ગાડી માલીકો તેમજ ટ્રાન્સપોર્ટ કંપનીઓને માલ સમયસર પહોંચાડવામાં મદદ મળે તેમજ છેલ્લાં ૫ (પાંચ) મહિનાથી ચાલતા કપરા સમયમાં વધુ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો ન પડે.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદે**
(માનદમંત્રી)

નકલ રવાના :-
૧. સેક્રેટરીશ્રી-માર્ગ અને મકાન વિભાગ-ગાંધીનગર.
૨. પ્રોજેક્ટ ડાયરેક્ટર-નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા-ગાંધીનગર.
૩. ~~માન.શ્રી એચ.સી.મોદી~~-ડાયરેક્ટર-ગુજરાત સ્ટેટ રોડ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પો.લી., ગાંધીનગર.